ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામે એક અનોખી પ્રથા જોવા મળે છે. આ પ્રથા અનુસાર ગામના વિકાસ તથા શાંતિ-સલામતી માટે અડચણરૂપ કોઈ અગોચર શક્તિ કે ભૂત-પ્રેત-પલિત વગેરેથી છુટકારો મેળવવા ''ગામ હેણી'' કરવામાં આવે છે જે અનુસાર તમામ ગ્રામજનો આખુ ગામ ખાલી કરી એક રાત્રિ ગામ બહાર અન્યત્ર સ્થળે રહે છે અને સવાર પડતાં પરત ફરે છે. સોમવારે આ રીતે યોજાયેલ ગામ હેણી બાદ ગ્રામજનો ગામમાં પરત ફર્યા હતા અને સમુહ ભોજન માણ્યું હતું.

સે. ૨૧માંથી ચિકનગુનિયાનો એક કેસ મળ્યો : કુલ કેસ ૯ થયા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળો થંભવાનું નામ નથી લેતો. શહેરમાં ડેન્ગ્યુ ઉપરાંત આજે વધુ એક ચિકનગુનિયાનો કેસ મળી આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૧માંથી આ ચિકનગુનિયાનો કેસ મળી આવેલ છે. એક યુવાનને આ કેસના લક્ષણો અને રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ સાથે શહેરમાં ચિકનગુનિયાના કેસોની સંખ્યા ૯ જેટલી થવા જાય છે.

અગાઉ પણ ચિકનગુનિયાના ૮ જેટલા કેસ મળ્યા હતા. આજે મળેલ કેસને પગલે તંત્રએ દર્દીના ઘરની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સ કરવાની સુચનાઓ આપી છે તેમજ એન્ટી લારવેલની કામગીરી પણ હાથ ધરી છે.

શહેરમાં ચિકનગુનિયાના છુટાછવાયા કેસો મળતા હોવાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. આ ઉપરાંત ડેન્ગ્યુના પણ છુટાછવાયા કેસો રોજ એક-બે એક-બે સામે આવી રહ્યા છે. ઠંડીનો માહોલ શરૂ થઈ ગયો હોવા છતાં વાહકજન્ય રોગચાળાના કેસો સામે આવતાં તંત્ર પણ હવે જનજાગરણનુ અભિયાન સઘન બનાવવા અંગે વિચારણા કરી રહેલ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં આજથી શાળા-આરોગ્ય કાર્યક્રમ

રાજ્યના બે કેબિનેટ મંત્રીઓ અલગ અલગ સ્થાનોએ કાર્યક્રમનો આરંભ કરાવશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં આજે આરોગ્ય વિભાગનો અતિ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ શાળા-આરોગ્ય કાર્યક્રમનો પ્રારંભ રાજ્ય સરકારના બે મંત્રીઓ દ્વારા અલગ-અલગ સ્થાનો પર કરાવશે.

ગાંધીનગર તાલુકાના વડોદરા ખાતે વનમંત્રી ગણપતભાઈ વસાવા સવારે ૧૧ વાગે અને રાજ્યના પુરવઠા મંત્રી જયેશ રાદડિયા કલોલ તાલુકાના સોજા ખાતે ૧૨.૩૦ કલાકે વિધિવત્ આરંભ કરાવશે.

આ શાળા આરોગ્ય કાર્યક્રમની વિગતો આપતાં જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકીએ જણાવ્યુ છે કે જિલ્લાના ૩,૧૧,૧૭૮ બાળકોને આ વર્ષે આવરી લેવામાં આવ્યો. આ માટે ૨૦૪ ટીમ બનાવવામાં આવી છે.

પ્રાથમિક શાળાના ૧,૭૦,૮૬૪ બાળકો, માધ્યમિક શાળાના ૫૨,૯૧૩ બાળકો, આંગણવાડી કેન્દ્રના ૮૩૦૪૫ બાળકો અને શાળાએ ના જતા ૮૧૬ બાળકોની તપાસ કરવામાં આવશે. શાળા આરોગ્ય જકાસણી કાર્યક્રમ અંતર્ગત દરેક ગામમાં સાત દિવસ સુધી વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે ૨૭મી નવેમ્બરથી શરૂ થઈ રહેલ આ કાર્યક્રમ ૧લી ફેબ્રુઆરી સુધી ચાલશે. ૭૯૨ પ્રા. શાળા, ૨૩૨ મા. શાળા, અન્ય શાળાઓ ૨૯ તેમજ આંગણવાડી કેન્દ્રો ૧૧૦૬ આવરી લેવામાં આવશે.

ડૉ. સોલંકીએ જણાવ્યુ હતુ કે જે બાળકો ગંભીર બિમારી ધરાવતા મળશે તેમના આરોગ્યનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે.

શહેરના ૬૩,૪૯૮ બાળકોના આરોગ્યની ચકાસણી કરાશે : ડૉ. ગોસ્વામી

મહાનગરપાલિકાના તબીબી અધિકારી ડૉ. કલ્પેશ ગોસ્વામીએ જણાવ્યુ છે કે ૮૦ પ્રા. શાળા, ૯૫ આંગણવાડી, માધ્યમિક શાળા-૫૩ અને અન્ય ૯ શાળાના ૬૩,૪૯૮ બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવશે.

ગત વર્ષે શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ દરમ્યાન ૬૧,૯૪૫ બાળકોના આરોગ્યની ચકાસણી કરાઈ હતી. જેમાં ૩૧ હજાર બાળકો મેડીકલ ઓફિસર દ્વારા ચકાસવામાં આવ્યા હતા. આ પૈકી ૫૩૮ બાળકોને સંદર્ભ સેવા માટે મોકલવામાં આવ્યા હતા. હૃદયરોગના ૩૪ બાળકો અને કિડનીની બિમારીથી પિડાતા ૭ બાળકોની તપાસ સારવાર સરકારે કરાવી હતી. ૧ બાળકને કોકલિયર ઈમ્પાલન્ટની પણ સફળ શસ્ત્રક્રિયા કરવામાં આવી હતી.

ગાંધીજીના જીવન-કાર્યોનું મલ્ટી મીડીયા ડીજીટલ પ્રદર્શનનું આજે ઉદ્ઘાટન

રંગીન અને શ્વેત શ્યામ પ્રદર્શન સવારે ૧૦ થી ૫ કલાક સુધી ખુલ્લુ રહેશે

ગાંધીનગર, તા. ૨૬

મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી અન્વયે ગાંધીજીના જીવન અને કાર્યોનું મળી મીડીયા અને ડીજીટલ પ્રદર્શનને આજે દાંડીકુટીર ખાતે ખુલ્લુ મુકવામાં આવશે. પાંચ દિવસીય પ્રદર્શનને મુખ્યમંત્રીના હસ્તે બપોરે ૧૨.૩૦ કલાકે ખુલ્લુ મુકાશે. તા. ૨૭ નવેમ્બરથી ૨ ડિસેમ્બર દરમિયાન આ પ્રદર્શન સવારે ૧૦ થી સાંજે ૫ કલાક સુધી ખુલ્લુ રહેશે.

માહિતી અને પ્રસારણ મંત્રાલય ભારત સરકારના લોક સંપર્ક બ્યૂરો, અમદાવાદની ક્ષેત્રિય પ્રદર્શન કચેરી દ્વારા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણીના ભાગરૂપે ''મહાત્મા ગાંધીજીનું જીવન અને કાર્યોનું મલ્ટી મીડિયા અને ડીજીટલ રંગીન તથા શ્વેતશ્યામ તસ્વીરી પ્રદર્શન દાંડી કુટિર, મહાત્મા મંદિર પાસે, તા. ૨૭ નવેમ્બરથી ૨ ડિસેમ્બર દરમિયાન યોજાશે.

આ પ્રદર્શનનું ઉદઘાટન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, તા. ૨૭મીના રોજ ૧૨-૩૦ કલાકે કરશે. આ મલ્ટી પ્રદર્શનમાં મહાત્મા ગાંધીજીની ઐતિહાસિક ઘટનાઓ દાંડીકૂચ, લડત-સત્યાગ્રહ, ઉપવાસ, જેલવાસ અસરકારક અંદોલન મીઠા સત્યાગ્રહ, ચંપરણ સત્યાગ્રહ, વિદેશી વસ્તુઓનો બહિષ્કાર આઝાદી મેળવવા આપેલા બલિદાન-ત્યાગ અને તપસ્યાનો ઈતિહાસ પણ પ્રદર્શનમાં પ્રદર્શિત કરવામાં આવ્યો છે, તથા સ્વચ્છ ભારત મિશન, ભારત સરકારની છેલ્લા ૪-વર્ષમાં પ્રજાકલ્યાણ માટે અમલમાં મૂકેલી નીતિઓ અને યોજનાઓની સિદ્ધિઓ ભારત સરકારની પ્રજાલક્ષી લોક કલ્યાણકારી યોજનાઓની માહિતી ગામડાના છેવાડાના નાગરિક સુધી પહોંચે અને તેનો સીધો લાભ પ્રજાને મળે તે ઉદ્દેશથી આવા પ્રદર્શનનું આયોજન દેશના તમામ રાજયોમાં કરવામાં આવી રહયું છે. ભારત સરકારની લોક કલ્યાણ યોજના જેવી કે, પ્રધાનમંત્રી જનધન યોજના, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, સ્વચ્છ ભારત મિશન, આયુષ્યમાન ભારત, જીએસટી, એક દેશ એક વેરો, નારી શક્તિ-બેટી બચાવો બેટી પઢાવો, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના જેવી વિવિધ યોજનાઓ પ્રદર્શનમાં પ્રદર્શિત કરવામાં આવી છે તેમજ વિકાસની આંકડીય માહિતી રજૂ કરાઈ છે.

દેશનો વધતો વિશ્વાસ, સાફ નિયત સહી વિકાસ જેવા મુદ્દાઓને આવરી લેતું માહિતીસભર પ્રદર્શન પ્રદર્શિત કરવામાં આવ્યું છે. સાથેસાથ ગુજરાતના વિકાસની ઝાંખી પણ રજૂ કરાઈ છે. આ પ્રદર્શન સવારે ૧૦-૩૦ થી સાંજના ૫-૦૦ કલાક સુધી જાહેર જનતા માટે વિના મૂલ્યે ખુલ્લુ રહેશે જેને નિહાળવા માટે જાહેર સંપર્ક બ્યુરોની કચેરી, અમદાવાદની અખબારી યાદીમાં જણાયું છે.

ઓનલાઈન હાજરી માટેનો જિલ્લાનો પ્રોજેક્ટ સૌથી સફળ

ધાર્યા પરિણામ મળ્યા : સરકારના પ્રોજેક્ટમાં ઘણી મર્યાદાઓ અને વિસંગતતાને લઈ વિવાદ ઘેરો બન્યો છે

ગાંધીનગર, તા. ૨૬

રાજ્યમાં એક તરફ ઓનલાઈન હાજરીને લઈ વિવાદ ઉભો થયો છે ત્યારે ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૬થી આ ઓનલાઈન હાજરી અંગેનો પ્રોજેક્ટ સફળતાપૂર્વક આગળ ધપી રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે તત્કાલીન જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ અને પ્રા. શાસનાધિકારી ડૉ. રાઠોડ દ્વારા સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા જે પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે તેમાં ઘણી બધી ત્રુટીઓ હોવાનું ધ્યાને આવ્યુ છે. જેમકે શિક્ષકની હાજરી અને ગેરહાજરી માટે પાંચ જ ઓપ્શનમાં વિગતો માંગવામાં આવી છે જ્યારે જિલ્લા દ્વારા તૈયાર કરાયેલ આ પ્રોજેક્ટમાં ૨૧ જેટલા ઓપ્શન આપવામાં આવ્યા છે.

જેમ કે શિક્ષક તાલિમમાં હોય તો કઈ તાલિમમાં છે, શિક્ષકને અન્ય ફરજ સોંપાઈ હોય તો કઈ ફરજ સોંપાઈ છે અને ક્યારથી આ કામગીરી શરૂ કરી છે અને કેટલો સમય ચાલશે જેવી બાબતો પણ છે. શિક્ષક રજા પર છે તો કયા પ્રકારની રજા પર છે તેની પણ વિગતો રજુ કરવા માટેના ઓપ્શન મુકવામાં આવ્યા છે.

જિલ્લાનો આ પ્રોજેક્ટ વધુ અસરકારક પુરવાર થયો છે એટલુ જ નહિ શિક્ષકો અને વિદ્યાર્થીઓની હાજરીનું અસરકારક મોનીટરીંગ થઈ રહ્યુ છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓની શાળામાં અભિરૂચિ વધે તે માટેનું વાતાવરણ તૈયાર કરવામાં તંત્રને સફળતા મળી છે અને તેના સારા પરિણામો મળ્યા છે. બાળકોનો ડ્રોપઆઉટ રેસિયો પણ ઘટવા પામ્યો છે.

આ ઓનલાઈન હાજરીના પ્રોજેક્ટને તત્કાલીન શિક્ષણ સચિવ સુનયના તોમરે પણ વખાણ્યો હતો.

આર.ટી.ઓ.માં નંબર ફાળવવાની પ્રક્રીયા ખોરવાઈ

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરની આર ટી ઓ કચેરીમાં છેલ્લા ઘણાં સમયથી વાહનોને નંબર ફળવાતા ન હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

છેલ્લા દોઢ મહીનાથી વાહનોને નંબર ફાળવવામાં વિલંબ : નંબર પ્લેટ વિના વાહનચાલકો ટ્રાફિક પોલીસના દંડનો ભોગ બને છે

વાહનચાલકો ડિલર અને આર ટી ઓ તંત્ર વચ્ચે રોજબરોજ નંબર માટે ધક્કે ચઢે છે. બીજીતરફ નંબર પ્લેટ વિનાના વાહનોને ટ્રાફિક પોલીસ મેમો આપવાનુ ચુકતી નથી. આવાં સંજોગોમાં વાહન માલિકોની સુડી વચ્ચે સોપારી થાય છે. આર ટી ઓ કચેરીમાં ઓનલાઈન સિસ્ટમ ખોરવાતા આમ નાગરિકોએ ધક્કે ચઢવાનો વારો આવે છે. છેલ્લા કેટલાક સમયથી આ સ્થિતિ સર્જાઈ છે.

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં વારંવાર સર્વર ડાઉન થવાના લીધે અનેક સમસ્યાઓ ઉદભવે છે. અરજદારોના કામો અટવાય છે. પેપરલેસ આર ટી ઓ કચેરીમાં ઝડપથી કામ થવાનુ તો દુર પરંતુ લાંબા સમય સુધી વાતનો નિવેડો આવતો ન હોવાની સ્થિતિ સર્જાય છે. આર ટી ઓ કેચરીમા વારંવાર ટેકનિકલ ખામી સર્જાતા આમ નાગરિકોએ ધક્કે ચઢવાનો વારો આવે છે. છેલ્લા બે ત્રણ મહીનાથી આર ટી ઓ કેચરીમાં વાહનોના નંબરોની ફાળવણીનો મુદ્દો પણ શિરદર્દ સમાન બન્યો છે. છેલ્લા ઘણાં સમયથી વાહનચાલકોને નંબર મળતા નથી. અલબત્ત નંબર પ્લેટ ફીટ ન થતા માર્ગ પર દોડતા વાહનોને ટ્રાફિક પોલીસ મેમો પકડાવે છે. જેના લીધે વાહનચાલકોએ હેરાનગતિ સાથે દંડ વેઠવાનો વારો આવે છે.આર ટી ઓ કચેરીમાં વાહનોને નંબર ફાળવાની પ્રકીયા ખોરંભે પડતા વાહનચાલકોએ ધક્કે ચઢવાનો વારો આવ્યો છે. ઓનલાઈન સિસ્ટમ ખોરવાતા વાહનોના નંબર ની પ્રકીયા પણ અટવાઈ છે. વાહનચાલકોને ઝડપથી નંબરો મળે તેવી વ્યવસ્થા ગાઠવવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર નાગરિક બેંકના નવા હોદેદારોએ આજે બેંકના વહીવટી પદે વિધિવત કાર્યભાર સંભાળી લીધો હતો. નાગરિક બેંકના ચેરમેન લાયન એલ કે વાઘેલા, વાઈસ ચેરમેન તરીકે મનુભાઈ પટેલ તેમજ મેનેજીંગ ડિરેકટર પદે નરેન્દ્ર શાહે પદગ્રહણ કર્યુ હતુ. આ તબક્કે બેંકના સ્ટાફ સહીત નગરના અગ્રણીઓએ તેમને શુભેચ્છા પાઠવી હતી.

મહાત્મા મંદિરથી સ્વર્ણિમ પાર્કના વિસ્તારની રોનક નિખરશે

મહાત્મા મંદિર પાસે નવો વોક વે બનશે : ફુટપાથના કર્બિંગને કલર કરવામાં આવશે

ગાંધીનગર તા ૨૬

આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી તંત્ર દ્વારા જરૂરી તમામ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. શહેરમાં માર્ગ સુધારણા સહીત ફુટપાથના ગાબડા પુરવા અને રીપેરીંગના કામનુ પણ આયોજન કરી દેવાયુ છે. જયારે જયાં વાઈબ્રન્ટ સમિટ યોજાવાની છે તેવા મહાત્મા મંદિરમાં પણ સફાઈ તેમજ જાળવણીનુ કામ શરૂ કરી દેવાયુ છે. મહાત્મા મંદિર પાસેના વોક વે ના અમુક ભાગમાં પણ નવી ફુટપાથ બનાવવા ઉપરાંત સ્વર્ણિમ પાર્કના બેલ્ટમાં વોકવે ના કર્બીંગને કલર કરવા માટે પણ આયોજન કરી દેવાયુ છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૫૦ લાખનો ખર્ચ કરવામાં આવશે.

આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરમાં તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. તંત્ર પણ જરૂરી બેઠકો સહીત વાઈબ્રન્ટને લગતી કામગીરીને તેજ બનાવવા માટે કામે લાગ્યુ છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દેશ વિદેશના મહાનુભાવો ગાંધીનગરના મહેમાન બનવાના હોવાથી શહેરમાં સલામતીની સાથે સુંદરતાના પરિબળો પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે છે.

નગરના વિવિધ માર્ગોની સુધારણા સહીત રોડ ફર્નિચર સહીતની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. વાઈબ્રન્ટ સમિટ જયાં યોજાવાની છે તેવા મહાત્મા મંદિરમાં પણ વિશેષ સાફ સફાઈ સહીત જાળવણીનુ કામ હાથ ધરાયુ છે. એ સી પ્લાન્ટ થી માંડીને સ્ટ્રીટ લાઈટ અને બહારના વિસ્તારમાં ફુટપાથને યોગ્ય કરવા માટે પણ આયોજન કરી દેવાયુ છે .મહાત્મા મંદિર પાસેના વિસ્તારમાં ફુટપાથ તુટેલી હોવાથી આ વોક વે યોગ્ય કરવા માટે પણ ટુંકમાં કામગીરી હાથ ધરાશે. જયારે મહાત્મા મંદિર થી વિધાનસભા સુધીના સ્વર્ણિમ પાર્કના રૂટમાં પણ આ વોકવે ને અનુલક્ષીને રીપેરીંગ કામ હાથ ધરાશે. ફુટપાથના કર્બીંગને કલરકામ પણ કરવામાં આવશે. જયારે આ માટેની ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. આ કામગીરીને અનુલક્ષીને અંદાજિત રૂ ૫૦ લાખનો ખર્ચ કરવામાં આવશે. વાઈબ્રન્ટ પુર્વે મહાત્મા મંદિર તેમજ સ્વર્ણિમ પાર્કના વિસ્તારમાં રોનક નિખરે તે માટે પુરતી તૈયારી કરી દેવામાં આવી છે. જયારે આ વિસ્તારમાં બ્યુટીફિકેશન સહીત મરામતના કામોને પણ અગ્રતાના ક્રમે હાથ ધરવામાં આવશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com